જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૬/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૦૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી ૯૦૭ લીટર દેશી દારૂ, ૧૧૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨ કાર કબજે કરી હતી.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૦૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૨૦૩/૧૬

**બાપુનગરઃ** જલાલુદીન મોહમદઈસ્લામ બલીફા (રહે.મણીલાલ મથુરદાસની ચાલી પન્ના એસ્ટેટ રોડ બાપુનગર) એ તા.૨૯/૬/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૬/૧૬ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર આમીર ઉર્ફે સોનુ (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી સી જાડેજા ચલાવે છે.

**ખાડીયાઃ** કપુરચંદ શંકરલાલ પ્રજાપતિ (રહે.ચુનારાનો ખાચો મકેરીવાડ રાયપુર) એ તા.૨૯/૬/૧૬ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૬/૧૬ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર પ્રદિપને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કી ડી ખાંભલા ચલાવે છે.

**ખોખરાઃ** વિપુલકુમાર નટુભાઈ રાવલ (રહે.આરતીનગર સોસાયટી મદ્રાસી મંદિર સામે ખોખરા) એ તા.૨૯/૬/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૬/૧૬ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ખોખરા હાટકેશ્વર બસ ડેપો પાછળ રાધાક્રિષ્ણનગર નજીકથી પોતાની પુત્રી ઉર્જા (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એમ ચૌહાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૦૪/૧૬</u>**

**જીઆઈડીસી વટવાઃ** પ્રકાશભાઈ ઈશ્વરભાઈ પટેલ (રહે.સુર સાગર એપાર્ટમેન્ટ મોસ્કો હોટલની બાજુમાં મણીનગર) એ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૬/૧૬ સાંજના ૭/૦૦ થી તા.૨૯/૬/૧૬ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જીઆઈડીસી વટવા ત્રિકમપુરા કર્મા એસ્ટેટ ખાતે સ્મૃતિ માર્કેટીંગ અને ઈન્ડીયા ઈલેક્ટોનિક્સ નામની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી કેબલ કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, ટ્રાન્સફોરમર કિમત રૂપિયા ૭,૦૦૦/- કોન્ટેકેટર કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, જોઈન્ટ માટેના બોક્સ કિમત રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ ઠાકોર ચલાવે છે.

**ચાંદખેડાઃ** અલ્પેશ જીતેન્દ્રકુમાર શાહ (રહે.સર્જન ફ્લેટ મોટેરા સ્ટેડીયમ રોડ ઉમા પાર્ટી પ્લોટની બાજુમાં ચાંદખેડા) એ તા.૨૯/૬/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૬/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૬/૬/૧૬ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫૧,૦૦૦/- અને મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫,૦૦૦/- તેમજ રોકડ રૂપિયાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ કે બાંગા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૦૫/૧૬</u>**

**સાબરમતીઃ** સૌરભભાઈ મોહનભાઈ ગુપ્તા (રહે.સિમંધર એલીગન્સ ટોરેન્ટ પાવર હાઉસની સામે સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૬/૧૬ સવારના ૪/૦૦ વાગ્યાના સુમારે મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ પોતાના રહેણાંકના પાર્કિંગમાં પાર્ક કરેલ ગાડીનો દરવાજો ડુપ્લીકેટ ચાવીથી ખોલી ગાડીમાંથી ફોન એલસીડી. અને રોકડ રૂપિયા ૩૯,૭૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એમ છાસીયા ચલાવે છે.

**<u>કરંટ લાગતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૦૬/૧૬</u>**

**જીઆઈડીસી વટવાઃ** સત્યપ્રકાશ રામગણેશ મિશ્રા (ઉ.વ.૨૪) જીઆઈડી વટવા એસોસીયટ ડાયકેમ ફેઝ-૨ કંપની ખાતે રહેતા અને ત્યા જ નોકરી કરતા હતા. તા.૨૮/૬/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે કંપનીમાં મશીન ઉપર કામ કરતા હતા ત્યારે કરંટ લાગ્યો હતો. સારવાર માટે એલસ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ એ ધાસુરા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)